ગાંધીનગર સમાચાર

રાંધેજા કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર

# મહાનગર સેવાસદનમાં જ મેયર પર હુમલો

## કોંગ્રેસના કાર્યકરોએ મારઝુડ કરી મેયરને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરીયાદ : મેયર પ્રવિણ પટેલ હોસ્પિટલમાં દાખલ કોંગ્રેસના મહિલા કાર્યકર પણ હોસ્પિટલમાં દાખલ : ૯ આગેવાનો સામે નામજોગ ઉપરાંત ૨૫ના ટોળા સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર સેવા સદનમાં મંગળવારની બપોરે કોંગ્રેસી કાર્યકરોના દેખાવના પગલે ઝપાઝપી-મારામારીના દશ્યો સર્જાયા હતા. કોંગ્રેસના કાર્યકરો સૂત્રોચ્ચાર બાદ પરત ફરતા હતા ત્યારે સામેથી મેયર અને સાથી પદાધિકારીઓને જોતા સૂત્રોચ્ચાર પુનઃ ઉગ્રતાથી થતાં મેયર પ્રવિણ પટેલ પાછા વળી ગયા હતા. ત્યારે કોંગ્રેસના ઉશ્કેરાયેલા બે-ત્રણ કાર્યકરો તેમના પાછળ દોડ્યા અને શર્ટ પકડી ઉભા રહેવાની ફરજ પાડતા ધમાધમીના દશ્યો સર્જાયા હતા. આ સમયે ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી અને ભાજપના મહિલા કાર્યકર કૈલાસબેને બધાને મહા મુસીબતે છૂટા પાડ્યા હતા.





આ ઘટનાની વાયુવેગે શહેરમાં ખબર પ્રસરતા ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો મનપા કચેરીએ દોડી આવ્યા હતા. સામે-સામે ફરિયાદો અને દેકારાની વાતોમાં પ્રવિણ પટેલને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સમગ્ર શહેરમાં આ હિચકારી ઘટનાની ઠેરઠેર નિંદા થઈ રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા બિલ્ડીંગમાં ચોથે માળે આજે મેયર કાર્યાલયની બહાર ભારે ધમાલ મચી જવા પામી હતી. લીફ્ટમાં બેસીને મેયર પ્રવિણ પટેલ તથા ડે. મેયર તથા સ્ટેન્ડીંગ ચેરમેન મેયર કાર્યાલય આવવા ચોથે માળ પહોંચ્યા હતા. ત્યારે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના આગેવાનો કાર્યકરોએ મળીને મેયર પર હૂમલો કરી ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ મેયર પ્રવિણ પટેલની ફરીયાદ લઈ સેક્ટર-૭ પોલીસે ૯ કોંગી આગેવાનો સામે નામજોગ તથા અન્ય ૨૫ કાર્યકરો સામે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે.







મળતી માહિતી મુજબ કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો આજે સવારના અરસામાં મહાનગરપાલિકા બિલ્ડીંગમાં ચોથે માળે મેયર કાર્યાલય બહાર પહોંચી ગયા હતા. કાર્યાલાયમાં પ્રવેશ કરીને શિયાળનું સ્ટીકર લગાવી બહાર નીકળી ગયા બાદ મેયર કાર્યાલયની લોબીમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા તે દરમ્યાન મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ લીફ્ટમાં બેસીને ચોથે માળ કાર્યાલય પહોંચી રહ્યા હતા. ચોથે માળ પહોંચ્યા તો સૂત્રોચ્ચાર ચાલુ હતા. તે જોઈ પ્રવિણભાઈ પરત ફરી રહ્યા હતા ત્યાં ટોળુ તેમની પાછળ દોડ્યુ અને ટપલીદાવ કરી મારઝુડ શરૂ કરી દીધી હતી. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને ડેપ્યુટી મેયર તમામને છુટા પાડી રહ્યા હતા ત્યાં મહિલા કાર્યકર કૈલાશબેન લખવારાનું ધ્યાન આ બબાલ પર પડ્યુ અને તે ત્યાં પહોંચી ગયા અને મહિલાઓને પ્રવિણભાઈ સાથે મારઝુડ કરતા અટકાવી દૂર કર્યા હતા. મારઝુડમાં મેયર પ્રવિણભાઈ પટેલ તથા મહિલા કાર્યકર કૈલાશબેન બંનેને ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા.

મેયરની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે શૈલેન્દ્રસિંહ બિહોલા, પદમાબેન, સૂર્યસિંહ ડાભી, ડૉ. કૈશીક શાહ, નિશીત વ્યાસ, દુર્ગેશ ગઢવી, જયાબેન,

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના આગેવાનો એસ.પી.ને રજૂઆત કરવા પહોંચ્યા

મેયર પર હૂમલાની ઘટના બાદ કોંગ્રેસના આગેવાનો કાર્યકરો પર ભારે કલમો લગાવી દઈ આતંકવાદી હોય તેવી રીતે તેમની સાથે વર્તાવ કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ સાથે પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા અને પૂર્વ જિલ્લા પ્રમુખ જશુભા રાણાની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો ગાંધીનગર એસ.પી.ને રજૂઆત કરવા મોડી સાંજે પહોંચ્યા હતા. તો બીજી તરફ ધરપકડ કરવામાં આવેલા આગેવાનોને મોડી રાત સુધી કોર્ટમાં રજુ કરવામાં આવ્યા ન હોવાથી રાત જેલમાં કાઢવી પડે તેવા સંકેતો પ્રાપ્ત થયા છે.

## કોંગ્રેસના ચાર આગેવાનોની ધરપકડથી વાતાવરણ તંગ

### પોલીસ સ્ટેશનના દરવાજા બંધ કરી દેવા પડ્યા : કોંગી ધારાસભ્યો, કોર્પોરેટરો, આગેવાનો-કાર્યકરોના ટોળા ઉમટ્યા



ગાંધીનગર, તા.૧૦

મેયર પર હૂમલાના પ્રકરણમાં ગુનો દાખલ થતા પોલીસે કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલા, જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને પ્રદેશ મહામંત્રી, પ્રવક્તા નિશિત વ્યાસ મળીને ચાર આગેવાનોની ધરપકડ કરી લીધી હતી. જેને પગલે સે. ૭ પોલીસ સ્ટેશન બહાર વાતાવરણ તંગ બની ગયું હતું. શહેરભરની પોલીસ તથા એલસીબી, એસઓજીની ટીમનો કાફલો પોલીસ સ્ટેશન બહાર ખડકી દેવાયો હતો અને પોલીસ સ્ટેશનના મુખ્ય દરવાજા બંધ કરી દેવાની ફરજ પડી હતી. કોંગી ધારાસભ્યો, કોર્પોરેટરો તથા આગેવાનો-કાર્યકરોના ટોળા થતા લાગતા વિડીયોગ્રાફી કરવાની પોલીસે ફરજ પડી હતી.

# રાંધેજા કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર

## મામલતદાર હવે કોલેરા નિયંત્રણ અધિકારી : ગામમાં પાણી પુરવઠો પહોંચાડવા ૪ ટેન્કરો ફાળવવાના આદેશો જિલ્લા પંચાયત તરફથી કરાયા : વધુ ૧૭ કેસ ઝાડાના મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામ તથા તેની આસપાસના ૮ કિ.મી.ના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા કરાયેલી ભલામણને પગલે અધિક નિવાસી જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય કાલરિયાએ આજે એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૯૮૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન તા. ૨૬-૫-૧૯૫૬ના મુંબઈ સરકારના એક્સ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિદ્ધ થયેલ રેગ્યુલેશન એક્ટની કલમ ૨, ૩ અને ૪ અન્વયે આ જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ છે.

આ જાહેરનામામાં કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર ગાંધીનગરની નિમણુંક કરી છે અને આ જાહેરનામુ આગામી ૩ માસ સુધી અમલમાં રહેશે તેમ પણ જણાવ્યું છે.

દરમ્યાન રાંધેજા ગામમાંથી ગઈકાલે લેવાયેલ ઝાડાના ત્રણ દર્દીઓના સેમ્પલમાં આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાતાં તંત્ર સક્રિય અને ગંભીર બન્યું હતુ. આ જાણ થતાં જ તંત્રએ કોલેરા ગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની કાર્યવાહી તાબડતોબ એક તાકીદની બેઠક બાદ હાથ ધરી હતી. જેમાં ગામમાં હાલની રોગચાળાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ગામમાં આજે વધુ ૧૭ કેસ ઝાડાના

● અનુસંધાન પાન-૭ પર

## સ્વર્ણિમ પાર્કમાં વોટર-શો હજુ પણ અઠવાડીયુ બંધ રહેશે

### સ્વર્ણિમ પાર્કમાં ફાઉન્ટેઈન-શોના સંપની લાઈન તુટી

ગાંધીનગર તા ૧૦

શહેરના સ્વર્ણિમા પાર્કમાં સ્થિત વોટર બોડીના સંપની લાઈન તુટી જતા છેલ્લા એક સપ્તાહથી વોટર શો બંધ છે. જયારે ફાઉન્ટેઈન શો ની જાળવણીનુ કામ પણ ચાલી રહયુ છે. ત્યારે હજુ પણ એક સપ્તાહ સુધી સહેલાણીઓને વોટર શો નિહાળવા નહીં મળે. સંપની લાઈનનુ કામ પુર્ણ થયા બાદ જ શો નિયત સમયે જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
STOCK MARKET LEADER
FOR NEW OFFICE
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate
will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11,
Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

અંતરના અભિનંદન



શ્રીમતી હર્ષાબા જીલુભા ઘાઘલ
સ્ટેન્ડીંગ કમિટી સભ્યશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં આપ કોર્પોરેટર તરીકે વિજેતા થવા બદલ તથા સ્ટેન્ડીંગ કમિટિમાં આપની સભ્ય તરીકે નિમણુંકથી અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ...

શુભેચ્છકો

મગનભાઈ કાકડીયા | કુંવરજીભાઈ પટેલ
કૌશિકભાઈ ભટ્ટ | ડો. પ્રવિણભાઈ વઘાસીયા
બિનેશભાઈ વસાવડા | હિતેષભાઈ રાવલ (વકીલ)
શાંતિલાલ ઘોઘારી | નિલેન્દુભાઈ વોરા
એમ. એમ. સોલંકી | ગોવિંદભાઈ આહીર
જયશ્રીબેન ખેતીયા | લીરલબા વાઘેલા
અશોકસિંહ પરમાર | હેમાંગભાઈ દોશી
પિયુષ પંડ્યા | મુકેશ કાલાવડીયા

જાહેર આભાર



પિન્કીબેન આર.પટેલ (કોર્પોરેટર મ.ન.પા.)



રજનીકાંત એન.પટેલ (મહામંત્રી,ગાં.શહેર જીલ્લા કોંગ્રેસ)



લાલુભા આર.વાઘેલા

તાજેતરમાં યોજાયેલ ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફી મતદાન કરવા બદલ વોર્ડ નં.૬ના સે.૭,૮,૯,૧૦,૧૧,૧૨ તેમજ ઘોળાકુવાના સૌ મતદારોનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

પાટનગર ગાંધીનગરની બિગેસ્ટ ગ્રાન્ડ બમ્પર હાઉસી
૨૮મી મે,૨૦૧૬ના રોજ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે
Capital's Biggest Grand Bumper Housie
જીતો! કાર, ટુ-વ્હીલર, એલ.સી.ડી, ફ્રીઝ જેવા અનેક ભવ્ય ઈનામો સાથે ઘણા બધા અન્ય ઈનામો.*...




Be Ready to Win Car , 2 Wheelers, Electronic Items & Many more Prizes
Reserve Your Tickets NOW
* WINNING PRIZES ARE SUBJECT TO CHANGE
ALL RIGHTS ARE RESERVED BY MANAGEMENT
હાઉસીમાં આપના પ્રોડકટસના ફ્રી સેમ્પલિંગ, ડેમોન્સ્ટ્રેશન, પ્રમોશન, પેમ્ફલેંટ /બ્રોશર ડિસ્ટ્રીબ્યુશન, ડિસ્કાઉન્ટ કુપન, કેશ વાઉચર્સ/ગિફ્ટ વાઉચર્સ ડિસ્ટ્રીબ્યુશન માટે સંપર્ક કરો.
ફુડ તથા અન્ય સ્ટોલ બુકિંગ, ઈનામોની સ્પોન્સરશીપ તથા અન્ય સ્પોન્સરશીપ માટે સંપર્ક કરો.
+91 98796 19922 - 99799 22443 - 99099 06372
e-mail : rajesh@theinfocity.net , rcb1239@yahoo.com
* T&C apply
નોંધ : પાટનગર ગાંધીનગર ખાતે યોજનાર ગ્રાન્ડ હાઉસીના સ્થળ/દિવસ/સમયમાં કોઈપણ ફેરફાર કરવામાં આવેલ નથી તેની પ્રાયોજકો તથા જનતાએ નોંધ લેવી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com